GJDH020044502022

આંક-

## FORM-A

| |
|---|
| **મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ તથા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.દાહોદ (પી.એલ.પટેલ)**<br>GJ-00890<br>ચુકાદાની તારીખ:૧૧/૦૩/૨૦૨૬<br>ક્રિમીનલ કેસ નં.૩૯૩૦/૨૦૨૨<br>એફ.આઇ.આર.નં. ૧૧૮૨૧૦૦૮૨૧૦૯૬૮/૨૦૨૧<br>દાહોદ રૂરલ પોલીસ સ્ટેશન |

| | |
|---|---|
| ફરીયાદી | ઘ સ્ટેટ ઓફ ગુજરાત<br>(ફરીયાદી : સીસ્કાભાઇ વરસીંગભાઇ બીલવાળ) |
| ફરીયાદ પક્ષે વિ.વ.શ્રી | એ.પી.પી.શ્રી બી.આર.રાવળ |
| આરોપી નં. | (૧). લક્ષ્મણભાઇ ચેતનભાઇ કિશોરી<br>(૨). રાકેશભાઇ ચેતનભાઇ કિશોરી<br>(૩). કમલેશભાઇ કાનજીભાઇ કિશોરી<br>(૪). ચેતનભાઇ સુરપાળભાઇ કિશોરી<br>તમામ રહે. બોરવાણી વચલુ ફળીયુ, તા.જી.દાહોદ |
| આરોપી પક્ષે વિ.વ.શ્રી | એસ.વી.મલેક |

## FORM-B

| | |
|---|---|
| બનાવ તારીખ | ૧૧/૧૧/૨૦૨૧ |
| એફ.આઇ.આર. તારીખ | ૧૨/૧૧/૨૦૨૧ |
| ચાર્જશીટ દાખલ તારીખ | ૨૨/૧૧/૨૦૨૨ |

| | |
|---|---|
| ચાર્જેફ્રેમ્ કર્યા તારીખ | ૦૩/૦૧/૨૦૨૩ |
| પુરાવો ચાલુ થયાતારીખ | ૦૩/૦૧/૨૦૨૩ |
| ચુકાદો અનામત રાખ્યા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૧૧/૦૩/૨૦૨૬ |
| સજા કરી હોય તો સજા તારીખ | -- |

## આરોપીની વિગત

| આરોપી નં. | આરોપીનું નામ | અટક તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | સજા કે નિર્દોષ | સજા | સી.આર.પી.સી. કલમ ૪૨૮ મુજબ કસ્ટડી માં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | લક્ષ્મણભાઇ ચેતનભાઇ કિશોરી | ૧૮.૧૧.૨૧ | ૧૩.૦૬.૨૩ | ઇ.પી.કો. કલમ-૩૪૧, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ | નિર્દોષ | - | - |
| ૨ | રાકેશભાઇ ચેતનભાઇ કિશોરી | ૧૮.૧૧.૨૧ | ૧૩.૦૬.૨૩ | | નિર્દોષ | - | - |
| ૩ | કમલેશભાઇ કાનજીભાઇ કિશોરી | ૧૮.૧૧.૨૧ | ૧૩.૦૬.૨૩ | | નિર્દોષ | - | - |
| ૪ | ચેતનભાઇ સુરપાળભાઇ કિશોરી | ૧૮.૧૧.૨૧ | ૧૩.૦૬.૨૩ | | નિર્દોષ | - | - |

## FORM C

**ફરીયાદ પક્ષે / બચાવ પક્ષે / કોર્ટ તરફે સાહેદ લીસ્ટ**

**એ./ફરીયાદ પક્ષે સાહેદ લીસ્ટ**

| આંક | નામ |
|---|---|
| ૩૫ | ફરીયાદી સીસકાભાઇ વરસીંગભાઇ બીલવાળની જુબાની |
| ૪૦ | સાહેદ અરૂણભાઇ સીસ્કાભાઇ બીલવાળની જુબાની |
| ૪૫ | સાહેદ રૂપાબેન સીસ્કાભાઇ બીલવાળની જુબાની |

| | |
|---|---|
| ૪૬ | સાહેદ મહેન્દ્રભાઇ અટુભાઇ બીલવાળની જુબાની |
| ૪૯ | સાહેદ ડૉ.કમલેશકુમાર જગતપ્રસાદ કેશરીની જુબાની |
| ૫૪ | સાહેદ ટીટાભાઇ ચુનીયાભાઇ બીલવાળની જુબાની |
| ૫૫ | પંચ રાજુભાઇ મલસીંગભાઇ અમલીયારની જુબાની |
| ૫૭ | પંચ દલુભાઇ પુજાભાઇ અમલીયારની જુબાની |
| ૬૦ | ત.ક.અ. હિમંતસિંહ સેવાભાઇની જુબાની |

**ફરીયાદ પક્ષે / બચાવ પક્ષે / કોર્ટ પક્ષે આંક:**

**એ./ ફરીયા પક્ષે આંક:**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૩૬ |
| ૨ | એમ.એલ.સી.સર્ટીફીકેટ | ૫૦ |
| ૩ | શરીર સ્થીતીનું પંચનામુ | ૫૬ |
| ૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ | ૬૨ |

તા.૧૧/૦૩/૨૦૨૬
સ્થળ: દાહોદ

**( પ્રિતેશ એલ.પટેલ)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ તથા
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
દાહોદ–જીજે૦૦૮૯૦

## -:: ચુકાદો ::-

૧. આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, તા.૧૧/૧૧/૨૧ ના રોજ સાંજના સાડા ચારેક વાગ્યાના સુમારે મોજે બોરવાણી ગામે વચલા ફળીયામાં આ કામના ફરીયાદીના છોકરાને રસ્તામાં રોકી, ઉભો રાખીને આગળની જુની ઝઘડાની અદાવત રાખી મા-બેન સમાણી ગાળો બોલી કહેલ કે, અમારા વિરૂધ્ધમાં તમોએ પોલીસમાં ફરીયાદ કેમ કરેલ છે તેમ કહી ઉશ્કેરાઇ જઇ આરોપી નં.૧ નાએ તેના હાથમાંની લોખંડની કુહાડીની મુદર માથાના ભાગે મારી ચામડી ફાડી લોહી કાઢી નાંખેલ તથા આરોપી નં.૨ નાએ તેના હાથમાની લાકડી પીઠના ભાગે મારી સોળ પાડી દીધેલ તથા આરોપી નં.૩ અને ૪ નાએ સાહેદને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ઇ.પી.કો.કલમ-૩૪૧,૩૨૪,૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો ગુનો કરેલ છે તે મતલબની ફરીયાદ ફરીયાદીએ દાહોદ રૂરલ પોલીસ સ્ટેશનમાં આપતા તે ફ.ગુ.ર.નં.૧૧૮૨૧૦૦૮૨૧૦૯૬૮/૨૦૨૧ થી નોંધાયેલી છે.

૨. આરોપીઓને સમંસની બજવણી થતાં, આરોપીઓ અદાલત રૂબરૂ હાજર થતાં તેઓને વિના મુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો સી.આર.પી.સી.ની કલમ-૨૦૭ મુજબ આપવામાં આવી તેની ખાત્રી કરી, આરોપીઓ સામે આંક-૦૪ થી તહોમતનામુ ફરમાવી, આરોપીઓની અનુક્રમે આંક-૦૫, આંક-૦૬, આંક-૦૭ અને આંક-૦૮ થી પ્લી સ્ટેટમેન્ટ લઇ તેમાં જણાવેલ ગુનાની વિગત વાંચી સંભળાવી સમજાવવામાં આવતાં, આરોપીઓએ ગુનાનો ઇન્કાર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

૩. ઉપરોકત પુરાવા સીવાય ફરીયાદ પક્ષે વધુ કોઇપણ જાતનો પુરાવો રજુ કરેલ નથી. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ સી.આર.પી.સી.ની

કલમ–૩૧૩ અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષના કેસની તમામ હકીકતો નકારી કાઢી તેઓ વિરૂધ્ધ ખોટી ફરીયાદ કરેલ હોવાનું અને તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે. વધુમાં બચાવ પક્ષ સોગંદ ઉપર જુબાની આપવા માટે તથા પુરાવો રજુ કરવા માટે ના પાડેલ હોય સદર કામ દલીલો માટે રાખવામાં આવેલ.

૪. ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, આ કામના ફરીયાદી તથા ઈજા પામનાર પોતાની જુબાનીમાં આ કામના આરોપીઓએ હથીયાર વડે માર મારેલ હોવાની હકીકત સ્પષ્ટપણે જણાવે છે. ફરીયાદીની જુબાનીને ડૉ સાહેદની જુબાની તથા મેડીકલ સર્ટીફીકેટથી પણ સમર્થન મળે છે તેવા સંજોગોમાં ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરેલ હોય આરોપીઓને સખતમાં સખત સજા કરવા રજુઆત કરેલ છે.

૫. બચાવ પક્ષે વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે ફરીયાદી સરતપાસમાં બનાવની હકીકતને સમર્થન કરે છે પરંતુ ઉલટ તપાસમાં બનાવ નજરે જોયેલ ન હોવાનું જણાવે છે. આ કામના ઈજા પામનાર સાહેદ પોતાની સરતપાસમાં બનાવને સમર્થન કરે છે પરંતુ ઉલટ તપાસમાં આ કામના આરોપીઓને સંડોવતી એકપણ હકીકત જણાવેલ નથી. ઈજા પામનાર સરતપાસથી તદ્દન વિપરીત હકીકતો ઉલટ તપાસમાં જણાવે છે. જેથી ઈજા પામનારની જુબાની માનવા લાયક જણાતી નથી. વધુમાં આ કામે તપાસમાં આવેલા સાહેદો હિત ધરાવતા સાહેદો છે જેથી તેઓની જુબાની ઉપરથી આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

૬. ઉપરોકત હકીકતે આ કેસના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદાઓ :–**

(૧) શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે સાબીત કરે છે કે, તા.૧૧/૧૧/૨૧ ના રોજ સાંજના સાડા ચારેક વાગ્યાના સુમારે મોજે બોરવાણી ગામે વચલા ફળીયામાં આ કામના ફરીયાદીના છોકરાને રસ્તામાં રોકી, ઉભો રાખીને આગળની જુની ઝઘડાની અદાવત રાખી મા–બેન સમાણી ગાળો બોલી કહેલ કે, અમારા વિરૂધ્ધમાં તમોએ પોલીસમાં ફરીયાદ કેમ કરેલ છે તેમ કહી ઉશ્કેરાઇ જઇ આરોપી નં.૧ નાએ તેના હાથમાંની લોખંડની કુહાડીની મુદર માથાના ભાગે મારી ચામડી ફાડી લોહી કાઢી નાંખેલ તથા આરોપી નં.૨ નાએ તેના હાથમાની લાકડી પીઠના ભાગે મારી સોળ પાડી દીધેલ તથા આરોપી નં.૩ અને ૪ નાએ સાહેદને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી એકબીજાની મદદગારી કરી ઇ.પી.કો.કલમ–૩૪૧, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**૭.** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો અને કારણો નીચે મુજબ છે.
(૧) નકારમાં.
(૨) આખરી હુકમ મુજબ.

**–:: નિર્ણય અંગેના કારણો ::–**

**<u>મુદા નં.૧ :–</u>**

૮. આ કામે ફરીયાદ પક્ષે ફરીયાદી સીસ્કાભાઇ વરસીંગભાઇ બીલવાળને આંક–૩૫ થી સોગંદ ઉપર તપાસેલ છે. સદર સાહેદ સરતપાસમાં આશરે એક વર્ષ પહેલા તેમનો છોકરો અરુણ કોલેજે થી ઘરે આવતો હતો તે વખતે સાંજના ચારેક વાગ્યાના સમયે તેમના ગામના રોડ ઉપર આરોપી નં.૧ લક્ષ્મણ કીશોરીએ તેમના છોકરાને માથામાં પાછળના

ભાગે કુહાડી મારેલી અને બનાવ સમયે અન્ય આરોપીઓ કમલેશભાઇ કાનજીભાઈ, રાકેશભાઈ ચેતનભાઈ અને ચેતનભાઈ સુરપાલભાઈ નાઓ પણ આરોપી નં.૧ ની સાથે હતા. આ બનાવમાં તેમના દીકરાને માથામાં પાછળના ભાગે કુહાડી મારેલી અને તે વખતે તેમના છોકરાએ તેમને ફોન કરેલો જેથી તેઓ રોડ ઉપર ગયેલો અને ત્યાર બાદ ૧૦૮ આવતા તેમના છોકરાને સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલા અને ત્યારબાદ તેઓએ આ બનાવ અંગે ફરીયાદ કરેલી તેમ જણાવી આરોપીઓને કોર્ટમાં ઓળખી બતાવે છે. સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં બનાવ સમયે તેઓ ઘરે હતા અને બનાવ તેમણે નજરે જોયેલ નથી જેથી બનાવ અંગે જાત માહીતી નથી તેમ સ્વીકારેલ છે. આમ,સદર સાહેદ બનાવ સમયે સ્થળ ઉપર હાજર ન હતા કે તેઓએ બનાવ બનતા નજરે જોયેલ નથી અને તેઓ બનાવ બન્યા બાદ બનાવની જાણ થતાં સ્થળ ઉપર ગયેલ છે. જેથી સદર સાહેદના પુરાવાના આધારે આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

૯. ફરીયાદ પક્ષે બનાવમાં ઈજા પામનાર સાહેદ અરૂણભાઇ સિસ્કાભાઇ બીલવાળને આંક-૪૦ થી સોગંદ ઉપર તપાસેલ છે. સદર સાહેદ સરતપાસમાં તા.૧૧/૧૧/૨૦૨૧ ના રોજ સાંજના સાડા ચાર વાગ્યાના સમયે તેઓ ડોકી સબજેલ ખાતે શાકભાજી લેવા માટે ગયેલા અને શાકભાજી લઈને પરત આવતા હતા તે વખતે તેમના ગામના રસ્તા ઉપર લક્ષ્મણભાઈ, ચેતનભાઈ, રાકેશભાઈ અને કમલેશભાઈએ તેમને રોકીને ગાળો બોલેલી અને કુહાડી, લાકડીઓ અને પથ્થરોથી માર મારેલો. તેઓને લક્ષ્મણભાઈએ માથામાં કુહાડીથી મારેલુ, ચેતનભાઈ અને રાકેશભાઈએ તેઓને લાકડીઓથી માર મારેલો, કમેલશભાઈએ પથ્થરોથી તેમને માર મારેલો. ત્યારબાદ તેઓ બેહોશ થઈ ગયેલા. થોડીવાર બાદ ભાન આવતા તેઓએ તેમના પિતાને ફોન કરેલો, જેથી તેઓ આવેલા અને મને ૧૦૮માં હોસ્પીટલે સારવાર માટે લઈ ગયેલા. આ લાકોએ તેઓને ગાળો બોલીને 'મારી નાંખીશુ, પતાવી નાંખીશું'

તેવી ધમકી આપેલી.તેમ જણાવેલુ છે. સદર સાહેદ બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં આરોપીએ તેઓને ગાળો બોલી કુહાડી, લાકડીઓ અને પથ્થરોથી માર મારેલ નથી કે આરોપી લક્ષ્મણભાઇએ તેઓને માથામાં કુહાડી મારેલ નથી તેમજ આરોપી ચેતનભાઇ અને રાકેશભાઇએ તેઓને લાકડીથી મારેલ નથી કે આરોપી કમલેશે તેઓને પથ્થરથી મારેલ નથી અને આરોપીઓએ તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી તેમ સ્વીકારેલ છે. બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ અને ટોળુ ભેગુ થઇ જતા ધકકામુકકીમાં નીચે પડી જવાથી તેઓને ઈજા થયેલી તેમ સ્વીકારેલ છે અને પોલીસે ફરીયાદમાં શું લખેલ તેની તેમને ખબર નથી તેમ સ્વીકારેલ છે. આમ, સદર સાહેદ બનાવમાં ઈજા પામનાર સાહેદ છે અને તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ હકીકતથી વિપરીત હકીકત તેમની ઉલટ તપાસમાં જણાવેલ છે અને તેથી સદર સાહેદના પુરાવા ઉપર આધાર રાખી હાલના આરોપીઓને ગુના સાથે સાંકળી શકાય તેમ નથી.

૧૦. ફરીયાદ પક્ષે સાહેદ રૂપાબેન સિસ્કાભાઇ બીલવાળને આંક–૪૫ થી તથા સાહેદ મહેન્દ્રભાઇ બીલવાળને આંક–૪૬ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ સરતપાસમાં બનાવની હકીકતોને સમર્થન કરી આ કામના આરોપીઓએ સાહેદ અરૂણને ઈજા કરેલ હોવાનું અને મોબાઇલ ફોન ઉપર તેઓને બનાવની જાણ થયેલ હોવાનું જણાવે છે. સદર સાહેદો પોતાની ઉલટ તપાસમાં બનાવ કેવી રીતે બન્યો તેની ખબર ન હોવાનું અને બનાવ નજરે જોયેલ ન હોવાનું જણાવે છે. હાલના કામે ઈજા પામનાર પોતાની જુબાનીમાં આ કામના આરોપીઓએ તેઓને ઈજા કરેલ હોવાની કોઇ હકીકત જણાવેલ નથી જેથી સાહેદ રૂપાબેન અને મહેન્દ્રભાઇની જુબાનીના આધારે આ કામના આરોપીઓએ ગુનો કરેલ છે તેમ માની શકાય નહી.

**૧૧.** ફરીયાદપક્ષે ડૉ. કમલેશકુમાર જગતપ્રસાદ કેશરીને આંક–૪૯ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં ઈજા પામનાર સાહેદ અરૂણભાઈની સારવાર તેઓએ કરેલ હોવાનું અને અરૂણભાઈએ કેસ હિસ્ટ્રીમાં આરોપી લક્ષ્મણ તથા કમલેશભાઈએ મારેલ હોવાનું જણાવે છે. પરંતુ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ સાહેદ અરૂણભાઈ આ કામના આરોપીઓને સંડોવતી એકપણ હકીકત પોતાની જુબાનીમાં જણાવતા નથી. સદર ડૉ સાહેદની જુબાનીથી સાહેદ અરૂણભાઇને ઈજા થયેલ હોવાનું જણાઇ આવે છે પરંતુ આ ઈજા આ કામના આરોપીઓએ કરેલ છે તેવી કોઇ હકીકત જણાઇ આવતી નથી જેથી ડો સાહેદની જુબાનથી પણ આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**૧૨.** ફરીચાદ પક્ષે સાહેદ ટીટાભાઇ ચુનીચાભાઇ બીલવાળને આંક–૫૪ થી સોગંદ ઉપર તપાસેલ છે. ફરીચાદ પક્ષના કેસ મુજબ તેઓ નજરે જોનાર સાહેદ છે તેમ છતાં ફરીચાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરતા ન હોચ એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરી વિગતવારની ઉલટ તપાસ કરેલ છે તેમ છતાં સદર સાહેદ ફરીચાદ પક્ષના કેસની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા નથી.

**૧૩.** ફરીચાદ પક્ષે શરીર સ્થીતી અને હથીચાર કબજે કર્યાના પંચનામાના પંચ નં.૧ રાજુભાઇ મલસીંગભાઇ અમલીચારને આંક–૫૫ થી અને પંચ નં.૨ દલુભાઇ પુંજાભાઇ અમલીચારને આંક–૫૭ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ સરતપાસમાં તેમના રૂબરૂ કોઈ આરોપી પાસેથી હથીચાર કબજે કરવામાં આવેલ નથી અને પોલીસે તૈચાર પંચનામામાં સહી કરાવેલી તેમ જણાવેલ છે. સદર બંને પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થનકર્તા ન હોચ ફરીચાદ પક્ષે સદર પંચ સાહેદોને ફરી ગયેલ જાહેર કરી તેઓની વિસ્તૃત ઉલટ તપાસ કરવા છતાં ફરીચાદ પક્ષને સમર્થનકર્તા કોઇ હકીકત રેકર્ડ ઉપર લાવી

શકેલ નથી. સદર પંચ સાહેદો બચાવ પક્ષ તરફેની ઉલટ તપાસમાં પંચનામાની કોઈ વિગતોની તેમને જાત માહીતી નથી તેમ સ્વીકારેલ છે. આમ, સદર પંચ સાહેદોની જુબાનીથી પંચનામાની હકીકત પુરવાર થતી નથી.

**૧૪.** ફરીયાદ પક્ષે ત.ક.અ. હિમંતસીંહ સેવાભાઇને આંક–૬૦ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓ પોતાની જુબાનીમાં પોતાની ફરજમાં આવતી કાર્યવાહી તેઓએ કરેલ હોવાનું અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, પંચો રૂબરૂ પંચનામુ કરી પુરતા પુરાવ હોય ચાર્જશીટ  કરેલ હોવાનું જણાવે છે. પરંતુ, આ કામના પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન કરતા નથી. વધુમાં આ કામે સાહેદ અરૂણભાઈ એકમાત્ર ઈજા પામનાર સાહેદ છે. સાહેદ અરૂણભાઈ પોતાની જુબાનીમાં આ કામના આરોપીઓએ તેઓને ઈજા કરેલ ન હોવાનું સ્પષ્ટપણે કબુલ રાખેલ છે. તેવા સંજોગોમાં ત.ક.અ. ચાર્જશીટ કરેલ હોવા માત્રથી આ કામના આરોપીઓએ સદર ગુનાના કામે સંડોવાયેલ છે તેમ માની શકાય નહી.

**૧૫.** ફરીયાદ પક્ષનો ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, ફરીયાદી તથા અન્ય સાહેદોએ તેમની જુબાનીમાં આરોપી લક્ષ્મણભાઇએ કુડાડીથી સાહેદ અરૂણભાઇને ઈજા કરેલ હોવાની હકીકત જણાવેલ છે જેને ઈજા પામનાર સાહેદ અરૂણભાઈની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. સાહેદ અરૂણભાઇએ તેમની ઉલટ તપાસમાં આરોપી લક્ષ્મણભાઈએ તેઓને માથામાં કુહાડી મારેલ નથી તેમજ  આરોપી ચેતનભાઈ અને રાકેશભાઈએ તેઓને લાકડીથી મારેલ નથી કે આરોપી કમલેશે તેઓને પથ્થરથી મારેલ નથી અને  આરોપીઓએ તેઓને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી તેમ સ્વીકારેલ છે. આમ, બનાવમાં ઈજા પામનાર સાહેદની જુબાનીથી ફરીયાદ પક્ષના અન્ય સાહેદો કે જેઓ બનાવ નજરે જોનાર  સાહેદો નથી

તેઓની જુબાનીને સમર્થન પ્રાપ્ત થતુ નથી ત્યારે માત્ર તેઓની જુબાની ઉપર આધાર રાખી આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. બનાવ સમયે સ્થળ ઉપર માત્ર સાહેદ અરૂણભાઈ હતા અને તેઓને બનાવમાં ઈજા થયેલ છે જેથી તેઓ બનાવ અંગે સ્પષ્ટ અને સચોટ પુરાવો આપી શકે. સાહેદ અરૂણભાઈએ તેમની ઉલટ તપાસમાં બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલ અને ટોળુ ભેગુ થઈ જતા ધકકામુકકીમાં નીચે પડી જવાથી તેઓને ઈજા થયેલી તેમ સ્પષ્ટ સ્વીકારેલ છે ત્યારે હાલના આરોપીઓએ બનાવમાં કોઈ ભાગ ભજવેલ હોય કે, ઈજા પામનારને ઈજા કરેલ હોય તેવું માની શકાય તેમ નથી. ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહિત પુરવાર કરવાનો રહે છે. જો, ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થીત થાય તો તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. આમ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ ફરીયાદ પક્ષ આરોપી સામેનો ગુનો શંકા રહિત પુરવાર કરવામાં સફળ થયેલ નથી અને તેથી **મુદા નં.૧** નો જવાબ '**નકાર**'માં આપી, મુદા નં.૨ અંગે છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

**૧.** આ કામના આરોપી નં.(૧). લક્ષ્મણભાઈ ચેતનભાઈ કિશોરી, (૨). રાકેશભાઈ ચેતનભાઈ કિશોરી, (૩). કમલેશભાઈ કાનજીભાઈ કિશોરી,(૪). ચેતનભાઈ સુરપાળભાઈ કિશોરી, તમામ રહે. બોરવાણી વચલુ ફળીયુ, તા.જી.દાહોદનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે તેઓની સામેના ઈ.પી.કો. કલમ–૩૪૧, ૩૨૪, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨),૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીઓના જામીનખત રદ ગણવા. આ કામના આરોપીઓએ

ક્રિ.પ્રો.કોડ કલમ-૪૩૭ (એ) મુજબ અપીલ કોર્ટમાં હાજર રહેવાની બાહેધરી માટે રૂા.૧૦,૦૦૦/- લેખેના જામીન રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

3. મુદામાલ કુહાડી તથા વાંસની લાકડીનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧મી, માહે. માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૧/૦૩/૨૦૨૬
સ્થળ: દાહોદ

**( પ્રિતેશ એલ.પટેલ)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ તથા
એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
દાહોદ–જીજે૦૦૮૯૦